**પાલનપુરની માવજત હોસ્પિટલમાં મુખ્યમંત્રી અમૃતમ્ અને મા વાત્સપલ્યા યોજનાનો લાભ મળશે**

## ખેડબ્રહ્મા અંબિકા મંદિરમાં નવરાત્રી મહોત્સવનો પ્રારંભ



ખેડબ્રહ્મા શહેરના અંબાજી માતાના મંદિરે આયોજકો દ્વારા નવલી નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ખેડબ્રહ્મા અંબાજી મંદિર પરિસરમાં વર્ષોથી યોજાતા ગરબા મહોત્સવને લઈ આયોજકોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આયોજકોએ આ વર્ષે ખેલૈયાઓની લાગણીને જોતા વિશાળ ખુલ્લા મેદાનમાં ભવ્ય ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રજાજનો અને ખેલૈયાઓમાં પણ ખુશીની લહેર દેખાઈ રહી છે. ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટના મેનેજર ઘનશ્યામસિંહ રહેવર તેમજ યુવા ગ્રુપ દ્વારા મા અંબાની આરાધનાના પર્વમાં સામેલ થવા અને ઉત્સાહપૂર્વક પર્વમાં જોડાવવા માંઈ ભક્તોને આમંત્રણ પણ પાઠવવામાં આવ્યું છે.

## ખારેડા ખાતે ક્ષત્રિય ઠાકોર સમાજના પત્રકારોનો સન્માન સમારોહ યોજાયો

### શ્રી મહાકાળી માતાજી મંદિરના મહંત દ્વારા પત્રકારોનું સાલ ઓઢાડી ભાવભીનું સ્વાગત કરાયું

ડીસા, તા. ૧૩

સરસ્વતી તાલુકાના અંતરિયાળ ખારેડા ગામમાં તળાવની પાળ પર સ્થિત પ્રાચીન શ્રી



મહાકાળી માતાજીના સ્થાનકે મંદિરના મહંત અને ગ્રામજનો દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પ્રિન્ટ ઈલેક્ટ્રોનિક મિડીયા સાથે સંકળાયેલા પત્રકારોનો સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો.

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના ખારેડા ગામના ગોંદરે સુખડીયા તળાવની પાળ પર આવેલ અગિયારસો વર્ષ પુરાણા શ્રી મહાકાળી માતાજીના સ્થાનકે મંદિરના મહંત અને ગામના પનોતા પુત્ર શાંતિપુરી મહારાજ દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અલગ-અલગ સ્થળે ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મિડીયા સાથે સંકળાયેલા ક્ષત્રિય ઠાકોર સમાજના પત્રકારોનો સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં અલગ-અલગ સ્થળોએ આવેલા બનાસકાંઠા મહેસાણા અને પાટણ જિલ્લાના વીસ ઉપરાંત પત્રકારોનું મહંત શાંતિપુરી મહારાજ અને ગ્રામજનો દ્વારા શાલ ઓઢાડી સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમમાં સમાજ સુધારણા માટે વ્યસન મુક્તિ શિક્ષણનો વ્યાપ વધારવા પર ઉપસ્થિત પત્રકારો અને અગ્રણીઓએ ભાર મુક્યો હતો. જેમાં પાટણ જિલ્લા પંચાયત સિંચાઈ અને સહકાર સમિતિના ચેરમેન પ્રધાનજી ઠાકોર, જવાનરામ મહારાજ, ભુપતસિંહ ઠાકોર, સરપંચ વિક્રમજી ઠાકોર, ગણેશરામ, ઉપરાંત વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખારેડા ગામના પત્રકાર કેવળજી ઠાકોર અને પત્રકાર પ્રેમસિંહ ઠાકોરે તેમજ ગ્રામજનોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે ખારેડા ગામમાં મોટા ભાગની વસ્તી ઠાકોર સમાજની છે અને જે ગામમાં છેલ્લા ત્રણ વર્ષથી દારૂ બંધી છે. વળી ઠાકોર સમાજમાં વિવિધ પરંપરાગત રૂઢી રિવાજોમાં ફેરફાર કરવા હંમેશા અગ્રેસર રહે છે. ગામના વૃધ્ધો અને શિક્ષિત યુવાનો દ્વારા ગામમાં એકતાની ભાવના જળવાઈ રહી છે. ખારેડા ગામના ઠાકોર સમાજે બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લાના પત્રકારોનું સન્માન કરીને નવી પહેલ કરી છે.



### ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરમાં ઘટ સ્થાપન કરાયું

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરમાં આસો નવરાત્રીના પહેલા નોરતે મંદિરમાં વિધિવત પૂજા-અર્ચના કરી ઘટસ્થાપન કરવામાં આવ્યું હતું. ઘટસ્થાપનમાં મંદિરના મેનેજર ઘનશ્યામસિંહ રહેવર, નટવરભાઈ પટેલ, પ્રવિણસિંહ સોલંકી, નરેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં માઈ ભક્તો હાજર રહ્યા હતા.

## એરટેલ ડીસાથી ઉજી નેટવર્ક શરૂ કરશે

મહેસાણા, તા. ૧૩

વિશ્વની અગ્રણી ટેલિકોમ્યુનિકેશન ભારતી એરટેલે ઉત્તર ગુજરાતના ડીસા શહેરમાં ગ્રાહકો માટે પ્લેટિનમ ઉજી નેટવર્ક શરૂ કરવાની જાહેરાત કરી છે.

પ્લેટિનમ ઉજીના લોન્ચિંગ અંગે ભારતી એરટેલ (ઈન્ડિયા)ના ગુજરાતના સી.ઈ.ઓ. મૂર્તિ ચંગતીએ જણાવ્યું હતું કે ટેલીકોમ્યુનિકેશન ક્ષેત્રે એરટેલ સતત નવિન પહેલ કરી ગ્રાહકોને શારૂ નેટવર્ક પુરૂ પાડવા પ્રયત્નશીલ છે. ગ્રાહકોને નેટવર્કનો અનુભવ પૂરો પાડવામાં મદદરૂપ થવા આધુનિક ટેકનોલોજીમાં રોકાણ કરે છે. પ્લેટિનમ ઉજીનું આ લોચિંગ આ કટિબદ્ધતાના ભાગરૂપ છે. જેના થકી ગ્રાહકોને સારા અવાજ તેમજ ડેટા કનેક્ટીવીટીનો લાભ મળશે.

## ઊંઝાના સુણક ગામે આંગણવાડી કાર્યકરની ભરતી પ્રક્રિયા અટકાવવા માંગ

ઊંઝા, તા. ૧૩

ઊંઝા તાલુકાના સુણક ગામે આંગણવાડી કાર્યકરની ખાલી પડેલ જગ્યા માટે બહાર પડાયેલ જાહેરાત સંદર્ભે ગામના સરપંચ, તલાટી અને શિક્ષકની મિલી ભગતથી ખોટા ઠરાવો કરી ચોક્કસ મહિલાની ભરતી થાય તેવી કાર્યવાહી કરેલ હોઈ ગામના નાગરિકોએ સત્વરે ભરતી પ્રક્રિયા મુલ્તવી રાખી આ બાબતે તટસ્થ તપાસની માંગ કરી છે. આ બાબતે રાજ્યના મુખ્યમંત્રી, રાજ્યના બાળ વિકાસ યોજના મંત્રી, જિલ્લા કલેક્ટર, જિલ્લા બાળ વિકાસ યોજના અધિકારી તેમજ લાગતા વળગતા અધિકારીઓ સમક્ષ લેખિત ફરિયાદ કરી છે.

ગત સપ્ટેમ્બર માસમાં ઊંઝા તાલુકાના કેટલાક ગામોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની ભરતી માટે બાળ વિકાસ યોજના અધિકારી ઘટક ઊંઝા દ્વારા અખબારોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેમાં ઊંઝા તાલુકાના સુણોક-૫ વોર્ડ નં. ૨, ૮માં આંગણવાડી કાર્યકરની ભરતી થવા અંગેનો ઉલ્લેખ કરાયેલ છે.

આ ભરતી અંગે ગામના બે યુવાનોએ સોગંદનામા કર્યા છે. જેમાં જણાવાયું છે કે તા. ૮-૯-૧૫ના રોજ સરપંચ અને તલાટી કમ મંત્રીએ વોર્ડ નં. ૮ તથા ૯માં આંગણવાડી કેન્દ્ર નં. ૫ની રચના દર્શાવેલ છે. પરંતુ કેન્દ્ર નં. ૫ ઉપર કાર્યકરમાં ભરતી થવા માટે અરજી વંચાણે લઈ ઠરાવ નં. ૯૮માં સર્વાનુમતે મંજૂર કરી વોર્ડ રચના ૨ અને ૮ સંયુક્ત ફેરફાર કરી જે ઠરાવ કરાયેલ છે તે કાયદાકીય રીતે સુસંગત નથી. અને માત્ર પોતાના અંગત હિત ખાતર આ કામે શિક્ષણ પટેલ વિષ્ણુભાઈ કાન્તિભાઈ સરપંચ ડાહ્યાભાઈ હરગોવનભાઈએ મીલી ભગતથી ખોટા ઠરાવો કરી અને ઠરાવમાં છેડછાડ કરી માત્રને માત્ર પટેલ સ્મીતાબેનની ભરતી થાય તે હેતુથી કાર્યવાહી કરવામાં આવી છે.

આ ઉપરાંત સૂણોક ગામના વોર્ડ નં. ૮ અને નાગરિકો પણ આંગણવાડી કાર્યકરની ખાલી પડેલ જગ્યા માટે જાહેર થયેલ જાહેરાત અન્વયે ભ્રષ્ટાચાર થયેલ હોઈ તાત્કાલિક અસરથી ભરતી પ્રક્રિયા મુલ્તવી રાખવા લાગતા વળગતા તંત્રોને લેખિત ફરિયાદ કરી છે. જેમાં ઠરાવો અંગે તપાસ કરવા તેમજ તટસ્થ અને ન્યાયી પ્રક્રિયા ન થાય ત્યાં સુધી આ ભરતી ન કરવા માંગણી કરી છે. વધુમાં ગામના સરપંચ, તલાટી અને શિક્ષકે એક વ્યક્તિનો હાથો બની સરકારના ભરતી નિયમોને ગેરમાર્ગે દોરી પોતાની વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા મનસ્વી રીતે ઠરાવ કરવામાં આવ્યો છે. જે ગેરવાજબી અને ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધ છે. આ અંગે જરૂર પડે ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી ગ્રામ પંચાયતની છેલ્લા પાંચ વર્ષના ઠરાવોનું ઓડીટ કરાવી આવી કેટલી ગેરરીતિઓ કરવામાં આવી છે? તેની તપાસ થવા માંગ કરી છે.



### શ્યામનગર પ્રાથમિક શાળામાં મોકડ્રીલ યોજાઈ

ખેડબ્રહ્મા તાલુકા મામલતદાર કચેરી દ્વારા વિશ્વ ડિઝાસ્ટર દિન નિમિત્તે શ્યામનગર પ્રાથમિક શાળામાં મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડબ્રહ્માના શ્યામનગર પ્રાથમિક શાળામાં મંગળવારે આગ લાગી હોવાનું જાણવા મળતા અને શાળામાં ૧૫૦ બાળકોની જાનમાલ ગંભીર સ્થિતિમાં હોવાનું જાણવા મળેલ છે. જેને લઈ ખેડબ્રહ્મા નગરપાલિકા ફાયર ફાયટર અને પોલીસ સ્ટાફ તુરંત બનાવ સ્થળે પહોંચી ગયા હતા. જ્યાં મોકડ્રીલ હોવાનું જાણવા મળતા મામલતદાર વી.બી. મકવાણા દ્વારા શાળાના બાળકોને કુદરતી કે માનવ સર્જીત આફત આવે ત્યારે શુ કરવું જોઈએ તેની વિસ્તૃત માહિતી આપી હતી. આ મોકડ્રીલનું નાયબ મામલતદાર હર્ષભાઈ પરમાર, દિનેશભાઈ ડોડીયાર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

## છીટાદરા ગામે ભમરાના ઝુંડના આક્રમણથી રાહદારીનું મોત

ઈસરી, તા. ૧૩

મેઘરજ તાલુકાના છીંટાદરા ગામે મોડી રાત્રે પસાર થતા શખ્સ પર ભમરાના ઝુંડે હૂમલો કરતા સારવાર પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે મૃતકના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મેઘરજ તાલુકાના છીટાદરા ગામના વતની મણીલાલ દોલાજી ડાભી વર્ષોથી બીએસએનએલ વિભાગમાં નોકરી કરે છે. દરરોજ મણીભાઈ પોતાના ગામથી મોડાસા નોકરી માટે જાય છે. દરમ્યાન ગત રોજ સાંજે મોડાસાથી છીટાદરા બસ દ્વારા વતનમાં જઈ રહ્યા હતા ત્યારે રાત્રે છીટાદરા બસ સ્ટેન્ડ ઉતરીને ચાલતા ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક જ ઝાડ ઉપરથી ભમરાના ઝુંડે મણીભાઈ પર હૂમલો કરી ડંખ મારી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડતા તેઓ લોહીલુહાણ હાલતમાં રસ્તામાં જ બેભાન થઈ ગયા હતા.

આ ઘટના અંગે સ્થાનિકોને જાણ થતા તુરંત સારવાર અર્થે મોડાસા લઈ ગયા હતા. જ્યાં માર્ગમાં જ તેઓનું મૃત્યુ થવા પામ્યુ હતુ. મણીભાઈના મોતના સમાચાર મળતા જ પરિવારજનોમાં ભારે શોકની લાગણી ફેલાઈ હતી.

## ગુજરાત આંજણા યુવક મંડળના પ્રમુખ પદે રાજન ચૌધરીની વરણી

ધાનેરા, તા. ૧૩

આંજણા યુવક મંડળ ગુજરાત રાજ્યની સામાન્ય બેઠક તાજેતરમાં વિસનગર ખાતે યોજાઈ હતી. જેમાં પ્રમુખ પદે ધાનેરાના રાજનભાઈ ચૌધરીની બિન હરિફ વરણી કરવામાં આવી હતી.

મહેસાણાના વિસનગર ખાતે ખેતી બેંક ગુજરાત રાજ્યના ચેરમેન



ધીરેનભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને આંજણા યુવક મંડળની સામાન્ય બેઠક યોજાઈ હતી.

રવિવારે આયોજીત આ બેઠક રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં યુવાનો હાજર રહ્યા હતા. બેઠકમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના રાજનભાઈ ચૌધરીની બિનહરીફ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ પ્રમુખ મીલનભાઈ ચૌધરી, કનુભાઈ ચૌધરી, ભરતભાઈ ચૌધરી, બાબુભાઈ ચૌધરી વગેરે હાજર રહ્યા હતા અને નવીન પ્રમુખને અભિનંદન પાઠવ્યા હતા.

## મહેસાણા નજીક માર્ગ અકસ્માતમાં બાઈકસવાર યુવાનનું મોત

મહેસાણા, તા. ૧૩

મહેસાણા નજીક મેવડ ટોલનાકા પાસે રાત્રીના સમયે બાઈક પર સવાર બે વ્યક્તિઓને અકસ્માત નડતાં એક યુવાનનું મોત નિપજ્યું હતું. જ્યારે એક વ્યક્તિને ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે અમદાવાદના મેમકો વિસ્તારના ત્રિલોકસિંહ બાબુસિંહ રાજપૂત પોતાના સાળા સુરેશ પ્રતાપસિંહ રાજપૂત સાથે બાઈક પર અમદાવાદથી મહેસાણા આવી રહ્યા હતા ત્યારે માર્ગમાં મહેસાણા નજીક મેવડ ટોલનાકા પાસે રાતના સમયે માર્ગ પર અચાનક કુતરૂ આવી જતાં બ્રેક મારતા બંને જણા ફંગોળાઈને રોડ પાસેના ખાડામાં જઈને પડ્યા હતા. જેથી બંને જણાને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી.

આ બંને ઈજાગ્રસ્તો રાતના સમયે ઘાયલ અવસ્થામાં પડ્યા રહ્યા હતા. બાદ સવારના સમયે મદદ માટે બૂમરાણ મચાવતા નજીકના ટોલટેક્ષના માણસો દોડી આવ્યા હતા અને બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ત્રિલોકસિંહ રાજપૂતનું કરૂણ મોત નિપજ્યું હતું. ઈજાગ્રસ્ત અને મૃતક બંને જણા મહેસાણા ખાતે યોજાયેલ લશ્કરી ભરતી મેળામાં આવવા નીકળ્યા હતા ત્યારે માર્ગમાં આ અકસ્માત નડ્યો હતો.

## થરા જૈનમ હત્યા કેસના આરોપીની જામીન અરજી હાઈકોર્ટે ફગાવી

કાંકરેજ, તા. ૧૩

સમગ્ર ગુજરાતમાં ચકચાર મચાવનાર કાંકરેજ તાલુકાના પૂર્વ ધારાસભ્ય સ્વ. શાંતિલાલ છોટાલાલ ધાણધારા (ભગત)ના પૌત્ર અને થરા નગરના પૂર્વ સરપંચ ત્રિલોકચંદ સી. શાહના પુત્ર જૈનમ શાહનું વહેલી સવારે ટ્યુશન જતી વખતે અપહરણ બાદ નિર્મમ હત્યા કરી મૃતદેહને નર્મદા કેનાલમાં નાંખનાર હત્યારાઓ હાલ જેલના હવાલે છે ને સેશન્સ કોર્ટમાં સાક્ષીઓની ઉલટ તપાસ ચાલી રહી હોવાના કારણે કેટલાક આરોપીઓ હાઈકોર્ટમાં જામીન માટે અરજી કરી છે. આ હત્યારાઓને મદદગારી કરનાર જેન્તીજી ધારશીજી ઠાકોરે વકીલ મારફતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જામીન માટે અરજી કરતાં જજ એ.જે. દેસાઈએ જામીન અરજી ફગાવતાં જણાવ્યું હતું કે, હાલમાં સાક્ષીઓની ઉલટ તપાસ ચાલુ હોઈ અને આઠ સાક્ષીઓની તપાસ પુરી થયેલ હોઈ સેશન્સ કોર્ટ શક્ય તેટલું વહેલું ઉલટ તપાસનું કામ પુરૂ કરશે. આ બાબતોને ધ્યાનમાં લેતાં અરજદાર તરફથી હાજર રહેનાર વકીલની અરજી માન્ય રહેતી નથી. તેમ કહી જામીન અરજી નામંજુર કરી હતી.

## ખેરાઈ ગામે કુવામાંથી મહિલાનો મૃતદેહ મળ્યો

ઈસરી, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકા ખેરાઈ ગામની મહિલા તેના પિયર ખેરાઈ ગામેથી ઉન્ડવા જવા એકાએક નીકળી હતી. પિયરમાંથી અસ્થીર મગજ હોવાથી મહિલા હોવાથી નિકળતાં પિયરપક્ષના અને સાસરીયાઓએ મહિલાની શોધખોળ હાથ ધરતાં મળી આવી નહતી ત્યારે બીજા દિવસે ગામના નજીકના કૂવામાંથી અસ્થિર મગજની પરિણીત મહિલાની લાશ મળી આવતાં સમગ્ર પંથકમાં હાહાકાર મચ્યો હતો.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મેઘરજ તાલુકાના ખેરાઈ ગામના રામાભાઈ સવાભાઈ ડોઢિયારની પુત્રીના લગ્ન ત્રણ વર્ષ અગાઉ મેનતાબેન નજીકના ઉન્ડવા ગામનના ડામોર રત્નાજી સુક્રાજીના પુત્ર પુંજાજી રત્નાજી ડામોર સાથે થયા હતા. પરંતુ લગ્ન બાદ શારીરિક તકલીફો અને અગમ્ય રોગથી મહિલા માનસિક રીતે પડી ભાગતા મગજ અસ્થિર બની ગયું હતું. મેનતાબેન આશરે વિસ દિવસથી તેના પિયર ખેરાઈ ગામે રહેવા ગઈ હતી. અસ્થિર મગજ હોવાથી મહિલા પિયરમાં પિતાના ઘરેથી કોઈને પણ જાણ કર્યા વગર એકાએક નીકળી ગઈ હતી. જેની જાણ પિયરીયા અને સાસરીપક્ષવાળાને થતાં શોધખોળ હાથ ધરી હતી પરંતુ પરિણીત મહિલાની કોઈ ભાળ મળી નહોતી જેથી બન્ને પક્ષના લોકો ચિંતાતુર બન્યા હતા. બીજા દિવસે પણ શોધખોળ હાથ ધરાતા અસ્થિર મગજની મહિલા નજીકના કૂવામાંથી મળી આવી હતી. અસ્થિર મગજની હોવાથી આ અંગે પોલીસને જાણ કરાઈ ન હતી.

## પાલનપુરની માવજત હોસ્પિટલમાં મુખ્યમંત્રી અમૃતમ્ અને મા વાત્સપલ્યા યોજનાનો લાભ મળશે




પાલનપુર ખાતે માન સરોવર સામે આવેલ માવજત મલ્ટી સ્પોશ્યાંલીટી હોસ્પિ ટલને રાજય સરકારશ્રીની યોજના મુખ્યવમંત્રી અમૃતમ મા યોજના સાથે જોડાણ કરવામાં આવ્યું છે. મુખ્યયમંત્રી અમૃતમ મા અને મા વાત્સાલ્યપ યોજનાના કાર્ડ ધરાવતા નાગરિકોને અહિં સારી તબીબી સુવિધા મળશે. ઉલ્લેયખનીય છે કે ચુનીલાલ મંગળજી ચોકસી ચેરીટેબલ ટ્રસ્ટની આ હોસ્પિસટલનું સંચાલન નારાયણા હેલ્થય દ્વારા કરવામાં આવે છે.

હોસ્પિરટલ નિર્માણના મુખ્ય દાતા શ્રી શ્રેણીકભાઈ શાહના હસ્તે્ મહાનુભાવોની ઉપસ્થિ તીમાં સરકારશ્રીની આ યોજનાના જોડાણ -સંગે દીપ -ગટાવી -રંભ કરવામાં આવ્યોક હતો. આ -સંગે શ્રી શ્રેણીકભાઈ શાહે જણાવ્યું કે હોસ્પિટલમાં દર્દીઓને જરૂરી તમામ સુવિધા સરસ રીતે મળી રહે અને તેઓ સાજાતંદુરસ્તઈ બની સુખરૂપ પોતાના ઘરે પરત ફરે તેની વિશેષ કાળજી રાખવામાં આવે છે.તેમણે કહ્યું કે ઉપરોક્ત યોજનાના કાર્ડ ધરાવતા નાગરિકો પોતાનું કાર્ડ લઈને અહિં આવેથી જરૂરી તમામ સુવિધા અત્રેથી આપવામાં આવશે. આ -સંગે ધારાસભ્યધશ્રી મહેશભાઈ પટેલ, ટ્રસ્ટીજશ્રી હસમુખભાઈ મહેતા, ડો.જયેશ બાવીસી, ટ્રસ્ટીઈશ્રી શ્યામભાઈ અગ્રવાલ, સીવીલ સર્જનશ્રી એસ.એન.પટેલ, ડોકટરશ્રીઓ તથા અગ્રણીઓ અને લોકો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લે્ખનીય છે કે રાજય સરકારશ્રીની આ યોજના અન્વયે બીપીએલ કાર્ડ ધરાવતા નાગરિકોને મુખ્યલમંત્રી અમૃતમ મા યોજનાના કાર્ડ આપવામાં આવે છે તથા વાર્ષિક રૂ. ૧,૨૦,૦૦૦/ સુધીની આવક ધરાવતા નાગરિકોને મા વાત્સરલ્ય. યોજનાના કાર્ડ આપવામાં આવે છે. આ બન્ને કાર્ડધારકોને વાર્ષિક રૂ. બે લાખ સુધીની તબીબી સારવાર સરકારશ્રી તરફથી મળે છે. બનાસકાંઠા જિલ્લાકમાં અત્યાતર સુધી ૧,૭૦,૦૦૦ નાગરિકોને કાર્ડ આપવામાં આવ્યાન છે. યોજના અન્વકયે કુટુંબના સભ્યોઅને પણ તબીબી સહાયનો લાભ મળે છે. આ યોજના ઘણા પરિવારો માટે આશિર્વાદરૂપ બની છે.




### ગીરીમાળા ક્રિકેટ એસોની લેધરબોલ ટૂર્નામેન્ટમાં કેલી કેરી પેકર્સ ટીમનો ભવ્ય વિજય

મોડાસાના માલપુર રોડ પર આવેલા ગ્રાઉન્ડ પર ગીરીમાળા ક્રિકેટ એસોસીએશન દ્વારા જિલ્લામાં સૌ પ્રથમ વાર લેધર ક્રિકેટબોલ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં ફાઈનલ મેચ યોજાઈ હતી. પ્રેસીડેન્ટ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ડેલી કેરી પેકર્સ ટીમનો ભવ્ય વિજય થયો હતો. વિજેતા ટીમને મોડાસા ડેપ્યુટી કલેક્ટર એસ.બી. પટેલના હસ્તે વિજેતા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના ગીરીમાળા ક્રિકેટ એસોસીએશનના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ટ્રિનિટી સ્કૂલ તલોદમાં વિશ્વ ટપાલ દિવસ ઉજવાયો

તલોદ, તા. ૧૩

ટ્રિનીટી એજ્યુકેશનલ કેમ્પસમાં તા. ૯મી ઓક્ટોબરના રોજ વિશ્વ ટપાલ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. ઉજવણીમાં તલોદ પોસ્ટ ઓફિસમાંથી શ્રી અરવિંદભાઈ એન. પટેલ, શ્રી વિપુલ કે. ભટ્ટ હાજર રહી પોસ્ટકાર્ડ, આંતરદેશીય પત્ર, પરબિડીયું તેમજ પોસ્ટની વિવિધ યોજનાઓ તથા પોસ્ટલ લાઈફ વીમા વિષે સુંદર સમજણ માહિતીસભર આપેલ હતી. શાળાના ટ્રસ્ટીશ્રી ડૉ. કિરીટભાઈ પટેલ તથા આચાર્યશ્રી અલ્પેશભાઈએ આભાર માન્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧